# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ** **તા.૨૦.૦૯.૨૦૧૭**

**આજ રોજ ગુજરાત પ્રદેશ ભાજપા સફાઇ કામદાર સેલની અગત્યની બેઠક યોજાઇ હતી.**

-----------------

**આ દેશમાં ‘‘વંદે માતરમ્’’ બોલવાનો પ્રથમ હક્ક જો કોઇને હોય તો તે વાલ્મિકી સમાજના સફાઇ કામદારનો છે - શ્રી ભીખુભાઇ દલસાણીયા**

-----------------

**સોશીયલ મીડીયાના માધ્યમ થકી સફાઇ કામદાર સેલના તમામ કાર્યકરોને સજ્જ થવાની હાકલ કરી -શ્રી ભરત પંડ્યા**

-----------------

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડયાના જણાવ્યાનુસાર, આજ રોજ પ્રદેશ મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાની પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાત પ્રદેશ ભાજપા સફાઇ કામદાર સેલની અગત્યની બેઠક યોજાઇ હતી. જેમાં સફાઇ કામદાર સેલના સભ્યોને સંબોધતાં જણાવ્યુ હતુ કે, વાલ્મિકી સમાજમાં કાર્ય કરતાં સફાઇ કામદાર સેલ વાલ્મિકી વસ્તી ધરાવતાં નગરપાલિકામાં અને મહાનગરપાલિકામાં બુથ પ્રમુખ તથા પેજ પ્રમુખ બનાવી સમાજના મતદારોની ઓળખ કરવી અને ભાજપાને મજબૂત કરવું. હાલમાં સરકાર તથા સંગઠન વાલ્મિકી સમાજ માટે ખૂબ જ નોંધનીય રીતે કાર્યો કરે છે અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે એમ કહેતા હોય કે, આ દેશમાં ‘‘વંદે માતરમ્’’ બોલવાનો પ્રથમ હક્ક જો કોઇને હોય તો તે વાલ્મિકી સમાજના સફાઇ કામદારનો છે, તેમ કહી કાર્યકર્તાઓને માહિતીગાર કર્યા હતા.

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ જણાવ્યુ હતુ કે, આ બેઠકમાં સોશીયલ મીડીયાની માહિતી આપીને તેના મીડીયાના માધ્યમ થકી સફાઇ કામદાર સેલના તમામ કાર્યકરોને સજ્જ થવાની હાકલ કરી હતી.

પ્રસ્તુત બેઠકમાં રાજ્યના મંત્રીશ્રી આત્મારામભાઇ પરમારે સંબોધન કરતાં જણાવ્યુ હતુ કે, ૨૩મી સપ્ટેમ્બરના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકરના સંકલ્પભૂમિનો ૧૦૦ વર્ષમાં પ્રવેશ થનાર છે. રાજ્ય સરકારે વડોદરામાં સંકલ્પભૂમિ માટે ૩૦૦૦ મીટર જેટલી જમીન ફાળવી છે અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિમાં તેમના વરદ્હસ્તે ખાતમુહૂર્ત થનાર હોઇ, કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓને જોડાવા આહવાન્ કર્યુ હતું, તેમ શ્રી પંડયાએ જણાવ્યુ હતુ.

શ્રી પંડયા વધુમાં જણાવે છે કે, આગામી સમયમાં પાર્ટીના દરેક કાર્યક્રમમાં વાલ્મિકી સમાજના અને સફાઇ કામદાર સેલ ખભેખભા મીલાવીને કાર્ય કરશે અને વાલ્મિકી સમાજનો પ્રતયેક કાર્યકર્તા બધી જ રીતે સજ્જ થઇને પાર્ટીનો સમાજમાં વ્યાપ વધારશે તેમ ગુજરાત પ્રદેશ ભાજપા સફાઇ કામદાર સેલના કન્વીનરશ્રી સુનિલ સોલંકીએ કહ્યુ હતુ.

ઉપરોક્ત બેઠકમાં સફાઇ કામદાર નિગમના ઉપાધ્યક્ષશ્રી સુરેશભાઇ મકવાણા, પૂર્વ ચેરમેન તથા પૂર્વ કન્વીનરશ્રી મહેન્દ્રભાઇ પરમાર, શ્રી કરશનભાઇ વાઘેલા, શ્રી મુકેશ પરમાર તથા જીલ્લાના સફાઇ કામદાર સેલના કન્વીનરશ્રીઓ તથા સહકન્વીનરશ્રીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
**કન્વીનરશ્રી–મીડિયા સેલ**